# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નિકીતા શાહ વાંચે છે.

---

- 211 તાલુકાઓમાં એકથી છ ઇંચ વરસાદ સાથે રાજ્યમાં ચોમાસુ જામ્યું- સુરતના પલસાણામાં સૌથી વધુ છ ઇંચ વરસાદ
- ધોધમાર વરસાદથી અમદાવાદનાં અનેક વિસ્તારોમાં પાણી ભરાયાઃ ગોતા-બોપલ, સાયન્સ સિટી વિસ્તારમાં સાત ઇંચ વરસાદ
- આજથી દેશભરમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓ અમલમાં આવશે
- નીટ પરિક્ષામાં ગેરરિતી મામલે ગોધરાની જય જલારામ સ્કુલના સંચાલક દિક્ષીત પટેલની ધરપકડ
- ગુજરાત યુનિવર્સિટીની કોલેજોમાં સાત જુલાઇથી ઓફલાઇન પ્રવેશ શરૂ થશે

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Gujarat Overall Rain...

નૈઋત્યનું ચોમાસુ સમગ્ર રાજ્યમાં જામ્યુ છે. ગઇકાલે રાજ્યનાં 201 તાલુકામાં એકથી છ ઇંચ વરસાદ પડ્યો હતો. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરની યાદી પ્રમાણે ગઈકાલે સવારે છ વાગ્યાથી રાતના 10 વાગ્યા સુધી સૌથી વધુ છ ઇંચ વરસાદ સુરત જિલ્લાનાં પલસાણા અને બારડોલી તાલુકામાં પડ્યો હતો. મહુવા અને સુરત શહેરમાં સવા પાંચ ઇંચ વરસાદ પડ્યો હતો. મુન્દ્રા, વાપી, ઓલપાડમાં પાંચ ઇંચ, અને વલસાડ, દ્વારકા અને ભરૂચમાં ચાર-ચાર ઇંચ વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગે આજે વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં અતિભારે વરસાદની અને ભરૂચ, સુરત, ડાંગ,તાપી, નવસારી, રાજકોટ, પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરી છે. અમદાવાદમાં ગઇકાલે દિવસ દરમિયાન ભારે વરસાદ વરસ્યો હતો.. અમદાવાદ મહાનગરપાલિકાના નિયંત્રણ કક્ષ દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર ગઇકાલે સવારે છ વાગ્યાથી રાત્રીના નવ વાગ્યા સુધીમાં સરેરાશ ત્રણ ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.. જેમાં સૌથી વધુ સાત ઇંચ વરસાદ બોપલ, સાયન્સ સિટી અને ગોતામાં પડ્યો હતો. પૂર્વ ઝોનના કઠવાડામાં સૌથી ઓછો 11 મીલીમિટર વરસાદ નોંધાયો હતો..

વરસાદને કારણે વિવિધ સાત સ્થળોએ ઝાડ પડ્યા હતા અને 31 સ્થળોએ પાણી ભરાઇ ગયા હતા. કોર્પોરેશન ઝાડ હટાવવામાં આવ્યા હતા અને વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. અમારા પોરબંદરના પ્રતિનિધી જણાવે છે કે, રાણાવાવ તાલુકામાં ગઈકાલે 6 વાગ્યા સુધીમાં અડધો ઇંચ વરસાદ નોંધાયો હતો જ્યારે કુતિયાણા અને પોરબંદર પંથકમાં વરસાદી વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટા પડ્યા હતા.

.......2.........

અમારા દ્વારકાના પ્રતિનિધી જણાવે છે કે, યાત્રાધામ દ્વારકામાં ચાર કલાકમાં ચાર ઇંચ થીવધુ વરસાદ પડ્યો હતો. સવાર થી ગઈ કાલે રાતના 12વાગ્યા સુધીમાં આશરે છ ઇંચ વરસાદ પડ્યો હતો. જિલ્લાનાં કલ્યાણપુર તાલુકામાં સવા બે ઇંચ અને ખંભાળિયા તાલુકા માં 1 ઇંચ વરસાદ પડ્યો હતો.

-----------------------------------------------------------------------

---યાદી,,, પીટીસી પોરબંદર અને દ્વારકા

અનિલ, હર્ષલ -(NAVIN)

# MANN KI BAAT

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ લોકસભા ચૂંટણીમાં બંધારણ અને દેશની લોકતાંત્રિક પ્રણાલીમાં વિશ્વાસ વ્યક્ત કરવા બદલ દેશવાસીઓનો આભાર વ્યક્ત કર્યો છે. ગઇકાલે આકાશવાણીના 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રીએ  કહ્યું કે 2024ની સામાન્ય ચૂંટણી વિશ્વની સૌથી મોટી ચૂંટણી હતી જેમાં 65 કરોડ લોકોએ મતદાન કર્યું હતું.. તેમણે  ચૂંટણી પંચ અને મતદાન પ્રક્રિયામાં સામેલ તમામ લોકોને અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી મોદીએ આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શરૂ કરાયેલા 'એક પેડ મા કે નામ'. વિશેષ અભિયાનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે લોકોને તેમની માતા સાથે અથવા તેમની માતાની યાદમાં એક વૃક્ષ વાવવાની અપીલ કરી હતી.

ચોમાસાનો ઉલ્લેખ કરતા, શ્રી મોદીએ કેરળમાં બનેલી એક ખાસ છત્રી 'કાર્થુમ્બી'નો ઉલ્લેખ કર્યો. પ્રધાનમંત્રીએ આ રંગબેરંગી છત્રીઓ બનાવવા માટે કેરળની આદિવાસી મહિલાઓની પ્રશંસા કરી હતી

પ્રધાનમંત્રીએ આંધ્ર પ્રદેશના અલ્લુરી સીતારામ રાજુ જિલ્લામાં મોટી માત્રામાં ઉત્પાદિત અરાકુ કોફીનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે તેનાથી ખેડૂતોની આવક વધી છે અને કોંડા ડોરા આદિવાસી સમુદાયને ફાયદો થયો છે. પ્રધાનમંત્રી  કહ્યું કે અરાકુ કોફીને ઘણા વૈશ્વિક પુરસ્કારો મળ્યા છે

શ્રી મોદીએ જમ્મુ અને કાશ્મીરના બરફના વટાણાનું ઉદાહરણ પણ આપ્યું હતું. તેમણે કહ્યું આ સફળતાએ જમ્મુ અને કાશ્મીરના લોકો માટે સમૃદ્ધિના નવા દરવાજા ખોલ્યા છે

પ્રધાનમંત્રીએ એ વાત પર ખુશી વ્યક્ત કરી કે ભારતીય સંસ્કૃતિ વિશ્વમાં ગૌરવ મેળવી રહી છે. તેમણે તુર્કમેનિસ્તાનમાં રવિન્દ્રનાથ ટાગોરની પ્રતિમાનું અનાવરણ કરાયું તેનો ઉલ્લેખ કર્યો હતો.

યોગ અંગે પ્રધાનમંત્રીએ કહ્યું કે યોગ દિવસની ઉજવણી જેમ જેમ આગળ વધી રહી છે તેમ તેમ નવા રેકોર્ડ બની રહ્યા છે.

-------------------------------------------------------------------

-પુલ

# THREE LAWS

દેશમાં આજથી ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ એમ ત્રણ નવા ફોજદારી કાયદા અમલમાં આવશે. કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે આ અંગે બેઠક યોજી હતી અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો આ ત્રણેય નવા કાયદા લાગુ કરવા માટે ટેકનોલૉજી, ક્ષમતા નિર્માણ અને જાગૃતિ વધારવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે.

નવા કાયદાનો ઉદેશ્ય આધુનિક ન્યાય વ્યવસ્થાને લાગુ કરવાનો છે. આ કાયદાઓ અંતર્ગત કોઈપણ પોલીસ સ્ટેશનમાં ઝીરો એફઆઈઆર, ઓનલાઇન ફરિયાદ, એસએમએસ કે ઇ-મેઇલથી સમન્સ મોકલવા અને જઘન્ય અપરાધની વીડિયોગ્રાફી જેવી જોગવાઈ અનિવાર્ય કરવામાં આવી છે. આ નવા કાયદાઓ અંગે દેશભરમાં વિભિન્ન જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

---

-પુલ, રીપીટ

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NEET

નીટ પરીક્ષામાં ગેરરિતી કેસમાં સીબીઆઇએ જય જલારામ સ્કુલના મુખ્ય ટ્રસ્ટી અને ચેરમેન દિક્ષીત પટેલ સહિતનાં દ્વારા ચાર આરોપીઓ ની કસ્ટડી લઇ ગોધરામાં બી ડીવીઝન પોલીસ મથકે સઘન પૂછપરછ કરવામાં આવી હતી.

રવિવારે સવારે ચારેય આરોપીઓને ગોધરા સર્કિટ હાઉસ ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે લઈ જવાયા હતા.

શનિવારે મોડી રાત્રે દિક્ષિત પટેલની આરોપીઓ સાથે સંપર્ક ધરાવતા હોવાની શંકા ના આધારે અટકાયત કરીને રવિવારે જિલ્લા અદાલતમાં રજૂ કરવામાં આવતા અદાલતે આરોપીને સીબીઆઇની વિશેષ અદાલતમાં રજૂ કરવા જણાવવામાં આવ્યું હતું. ગઇકાલે સાંજે આરોપીઓને રિમાન્ડની માંગણી માટે અમદાવાદ લઈ જવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------

---પીટીસી પંચમહાલ અનિલ આર પટેલ

-(NAVIN)

# GUJ. UNI.

ગુજરાત યુનિવર્સિટીમાં 7 જુલાઈથી કોલેજમાં ઓફલાઈન પ્રવેશ શરૂ કરાશે. ગઇકાલે ગુજરાત યુનિવર્સિટીના પ્રવેશ કમિટીના પદાધિકારીઓની મળેલી બેઠકમાં 7 જુલાઈથી દરેક કોલેજમાં ઓફ લાઇન રાઉન્ડ દ્વારા જુની પદ્ધતિથી પ્રવેશ અપાશે.

આ ઉપરાંત બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત આજથી 3 જુલાઇ સુધી જીકાસ પરથી નોંધણી કરાવી શકાશે. અનુ.સ્નાતક કોર્સમાં 4 જુલાઈથી ઓફલાઈન પ્રવેશ શરૂ કરાશે.

વિદ્યાર્થીઓને, પ્રવેશ પ્રક્રિયા અંગે માર્ગદર્શન મળી રહે તે માટે આજથી 3 જુલાઇ સુધી તમામ કોલેજો સવારે 8 થી સાંજે 5 વાગ્યા સુધી ચાલુ રહેશે.

---------------------------------------------------------------------

-ન્યુઝ પેપર, નિકીતા -(NAVIN)

# ANNAKUT

અમદાવાદમાં ભગવાન જગન્નાથની 147મી રથયાત્રા યોજાશે.. સાતમી જુલાઇના અષાઢી બીજને દિવસે યોજાનારી આ રથયાત્રાના વિવિધ કાર્યક્રમોની ઉજવણી શરૂ ચૂકી છે. જે અંતર્ગત હાલમાં ભગવાન જગન્નાથ , બહેન સુભદ્રા અને ભાઇ બલરામ મોસાળ સરસપુરના રણછોડરાયજી મંદિરમાં બિરાજમાન છે.. સરસપુરના રણછોડરાયજીના મંદિરમાં વિવિધ કાર્યક્રમો યાજાઇ રહ્યાં છે..

રવિવારે સાંજે ભગવાનને ફળોનો અન્નકૂટ ધરાવાયો હતો.. વિવિધ ફળો ભગવાનને અર્પણ કરાયા હતા.. અન્નકૂટ ધરાવીને તેને પ્રસાદી સ્વરૂપે વહેંચવામાં આવ્યાં હતા..

---------------------------------------------------------------------

- અખબારી યાદી-- હર્ષલ

-(NAVIN)

# ITF

ITF W-35 સ્પર્ધામાં રાજ્યની વૈદેહી ચૌધરીએ ખિતાબ જીતી લીધો છે.

ગઇકાલે રમાયેલી તાઇપે ઓવન સ્પર્ધાની ફાઇનલમાં વૈદેહી પ્રથમ સેટમાં હારી ગઇ હતી પરંતુ બીજા બે સેટમાં શાનદાર દેખાવ કરતા વૈદેહીએ બંને સેટમાં જાપાનની ઓકામુરાને હરાવી સ્પર્ધા જીતી લીધી હતી.

---------------------------------------------------------------------

-ન્યુઝ પેપર, નિકીતા -(NAVIN)

# Saputara Traffic

ગિરિમથક સાપુતારા ખાતે કુદરતી સૌંદર્યનો આસ્વાદ માણવા પ્રવાસીઓ પોતાના નાના મોટા વાહનો લઇ ઉમટી પડતા ગઈ કાલે કલાકો સુધી ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રષ્યો જોવા મળ્યા હતા. ભારે ટ્રાફિકને કારણે સાપુતારાની મુલાકાતે આવેલા અનેક સહેલાણીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. રવિવારે રજાનો દિવસ હતો અને વરસાદ પડ્યો હોવાથી સાપુતારા ખાતે સવારથી જ પ્રવાસીઓની ભીડ જામતાં અહીંના જોવાલાયક સ્થળો પર મોટી ભીડ ઉમટી પડી હતી.

બપોરનાં સમયે સાપુતારાથી શામગહાનને સાંકળતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર માલવાહક ટ્રકો પર ભેખડો ધસી પડતાં 5 કિલોમીટર સુધીનાં ઘાટ માર્ગમાં નાના મોટા વાહનોની લાંબી કતારો લાગી જવાની સાથે કલાકો સુધી ટ્રાફીક જામ થયો હતો.

મોડી સાંજ સુધી સાપુતારા પોલીસ સ્ટાફે ભારે જહેમત બાદ ટ્રાફિક સમસ્યાને હળવી કરતા માર્ગ પૂર્વવત થયો હતો.

---------------------------------------------------------------------

--પીટસી ડાંગ અનિલ આર પટેલ

-(NAVIN)

# CM- BANASKANTHA/PATAN VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠાના સૂઇગામ ખાતે નિર્માણ થયેલ હરે કૃષ્ણ સરોવર પ્રોજેક્ટની મુલાકાત લઇ જળસંચયની કામગીરીની ગઇકાલે સમીક્ષા કરી હતી. રાજ્ય સરકાર અને સવજી ધોળકિયા ફાઉન્ડેશન, સુરતના સંયુક્ત ઉપક્રમે જળસંચય કામગીરીનું નિરીક્ષણ મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.. જેમાં 45 લાખ ક્યુબીક મીટર સંગ્રહ ક્ષમતા ધરાવતું હરે કૃષ્ણ સરોવર 1360 મીટર લંબાઈ અને 480 મીટર પહોળાઈ ધરાવે છે..આ સરોવરના નિર્માણથી 500 થી વધુ ખેડૂતો અને 1500 હેક્ટર જમીનમાં સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થશે..

---------------------------------------------------------------------

-રીપીટ